Seat No. : _______________

# JG-104

**June-2022**

**B.A., Sem.-II**

**CC-111 : Gujarati**

**(પ્રિયકાન્ત મણિયારના કાવ્યો)**

**(સંપાદક : ચંદ્રકાન્ત શેઠ)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના જવાબ લખો :

1. ઉર્મિકાવ્યની વ્યાખ્યા આપી, તેનાં સ્વરૂપગત લક્ષણોનો પરિચય કરાવો. **14**

2. ટૂંકનોંધ લખો :
   (અ) પ્રિયકાન્ત મણિયારના સાહિત્ય સર્જનનો પરિચય કરાવો. **7**
   (બ) ઉર્મિકાવ્યનો ગુજરાતી સાહિત્યમાં થયેલા વિકાસક્રમને આલેખો. **7**

3. 'પ્રિયકાન્ત મણિયારના કાવ્યો' સંગ્રહને આધારે પ્રિયકાન્ત મણિયારની કવિ તરીકેની વિશેષતાઓ જણાવો. **14**

4. 'પ્રિયકાન્ત મણિયારના કાવ્યો' સંગ્રહમાં ગીત રચનાઓને આધારે ગીત કવિ તરીકે પ્રિયકાન્ત મણિયારનો પરિચય કરાવો. **14**

5. ટૂંકનોંધ લખો :
   (અ) પ્રિયકાન્ત મણિયારની કવિતામાં પ્રણય નિરૂપણ. **7**
   (બ) 'પ્રિયકાન્ત મણિયારના કાવ્યો'માંના નગરજીવનના કાવ્યો. **7**

6. 'એ સોળ વરસની છોરી' તેમજ 'કૃષ્ણ રાધા' કાવ્યોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

7. 'પ્રિયકાન્ત મણિયારના કાવ્યો' માં પ્રકૃતિ નિરૂપણનું સદષ્ટાંત વર્ણન કરો. **14**

8. માંગ્યા મુજબ જવાબ લખો :
   (અ) 'મંદાક્રાન્તા' તેમજ 'ચોપાઈ' છંદનું બંધારણ ઉદાહરણ સહિત સમજાવો. **7**
   (બ) 'ઉપમા' તેમજ 'અનન્વય' અલંકારો ઉદાહરણ સહિત સમજાવો. **7**

## વિભાગ – II (ફરજીયાત)

9. સાચો વિકલ્પ પસંદ કરીને યોગ્ય જવાબ આપો (કોઈપણ આઠ) : **8**

(1) પ્રિયકાન્ત મણિયારે અલ્પ આયુમાં કેટલા કાવ્યસંગ્રહ આપ્યા હતા ?

(a) સાત (b) છ (c) પાંચ

(2) પ્રિયકાન્ત મણિયારના પિતાશ્રીનું નામ શું હતું ?

(a) પ્રેમદાસ (b) પ્રેમચંદ (c) પ્રેમશંકર

(3) 'પ્રિયકાન્ત મણિયારના કાવ્યો' નામે પ્રતિનિધિ કાવ્યોનું સંપાદન કોણે કર્યું છે ?

(a) અનંતરાય રાવળ (b) ચિનુ મોદી (c) ચંદ્રકાન્ત શેઠ

(4) પ્રિયકાન્ત મણિયારનો જન્મ કયા ગામમાં થયો હતો ?

(a) વડોદરા (b) માંડલ (c) વિરમગામ

(5) 'છેલ છબીલે' કાવ્યનું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(a) મુક્તક (b) ગીત (c) ખંડકાવ્ય

(6) 'એ સોળ વરસની છોરી' કાવ્ય પ્રિયકાન્ત મણિયારના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(a) પ્રતીક (b) સમીપ (c) સ્પર્શ

(7) 'એકાદ જો' કાવ્યનું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(a) મુક્તક (b) ગઝલ (c) ખંડકાવ્ય

(8) 'પોઢી ગયેલું ફૂલ' કાવ્યનું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(a) હાઈકુ (b) ગઝલ (c) મુક્તક

(9) "ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ" – આ પંક્તિ પ્રિયકાન્ત મણિયારના કયા કાવ્યની છે ?

(a) સાંઈ (b) અંધ (c) એ લોકો

(10) "કોક છાપાની હજારો પ્રત સમાં સૌ આપણે" – આ પંક્તિ પ્રિયકાન્ત મણિયારના કયા કાવ્યની છે ?

(a) ઝરૂખે (b) એ લોકો (c) આપણે

(11) "એના બીડ્યા હોઠ મહીં તો આગ ભરેલો ફાગણ ગાતો હોરી" – આ પંક્તિ કયા કાવ્યની છે ?

(a) એ સોળ વરસની છોરી (b) એ લોકો (c) આપણે

(12) "આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે" – આ પંક્તિ પ્રિયકાન્ત મણિયારના કયા કાવ્યની છે ?

(a) કૃષ્ણ રાધા (b) આપણે (c) વૃક્ષ

(13) જ, સ, જ, સ, ય, લગા આ બંધારણ કયા છંદનું છે ?

(a) ચોપાઇ (b) પૃથ્વી (c) મનહર

(14) "વર્ષા ખરે જીવનદાત્રી વિશ્વની" – આ પંક્તિનો અલંકાર કયો છે ?

(a) શ્લેષ (b) વ્યાજસ્તુતિ (c) વર્ણાનુપ્રાસ

(15) "કામિની કોકિલા કેલિ કૂંજન કરે" – પંક્તિનો અલંકાર કયો છે ?

(a) શ્લેષ (b) વર્ણાનુપ્રાસ (c) રૂપક

(16) "મેં પ્રેમમાં તડફતાં મમ શાંતિ ખોઈ" – આ પંક્તિનો છંદ કયો છે ?

(a) ચોપાઇ (b) શિખરિણી (c) વસંત તિલકા

---